પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૩૯ | ૧૯ એપ્રિલ, ૨૦૨૩, બુધવાર; ચૈત્ર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રેલવેની ૨.૪૦ લાખ કરોડની રેકોર્ડ આવક

**ભારતીય રેલ્વેએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૨.૪૦ લાખ કરોડ રૂપિયાની રેકોર્ડ આવક મેળવી : આ આંકડો પાછળના નાણાકીય વર્ષ કરતાં લગભગ રૂ. ૪૯,૦૦૦ કરોડ વધુ, માલસમાનની હેરફેરથી થતી આવક વધીને રૂ. ૧.૬૨ લાખ કરોડ થઈ : રેલવે મંત્રાલય દ્વારા માહિતી આપવામાં આવી**



નવી દિલ્હી, તા.૧૮

ભારતીય રેલ્વેએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૨.૪૦ લાખ કરોડ રૂપિયાની રેકોર્ડ આવક મેળવી છે. આ આંકડો પાછળના નાણાકીય વર્ષ કરતાં લગભગ રૂ. ૪૯,૦૦૦ કરોડ વધુ છે. રેલવે મંત્રાલયે ગઈકાલે આ બાબતે જાણકારી આપી હતી. રેલવે મંત્રાલયના નિવેદન અનુસાર, ૨૦૨૨-૨૩માં માલસમાનની હેરફેરથી થતી આવક વધીને રૂ. ૧.૬૨ લાખ કરોડ થઈ છે, જે પાછલા વર્ષની સરખામણીમાં લગભગ ૧૫ ટકા વધુ છે.

ભારતીય રેલ્વેની મુસાફરોની આવક વાર્ષિક ધોરણે ૬૧ ટકા વધીને રૂ. ૬૩,૩૦૦ કરોડ સુધી પહોંચી છે. ઉપરાંત વધારેમાં કહેવામાં આવ્યું હતું કે, ત્રણ વર્ષ બાદ ભારતીય રેલ્વે તેના પેન્શન ખર્ચને પહોંચી વળવામાં માટે સફળ રહી છે. વર્ષોથી, રેલ્વેએ તેની પેન્શન જવાબદારીનો અમુક હિસ્સો ઉઠાવવા માટે નાણા મંત્રાલયનો સંપર્ક કર્યો હતો.

રેલ્વે મંત્રાલયના નિવેદન મુજબ, તમામ આવક ખર્ચને પહોંચી વળ્યા પછી પણ રેલ્વેએ મૂડી રોકાણના કારણે આંતરિક સ્ત્રોતોમાંથી રૂ. ૩,૨૦૦ કરોડની કમાણી કરી છે.

## જી૨૦ની ૧૦૦મીં બેઠકમાં

# ૧૧૧ દેશના ૧૨ હજારથી વધુ પ્રતિનિધિ હાજર રહ્યા

**વિશ્વનું સૌથી શક્તિશાળી આર્થિક જૂથ જી૨૦ છે : ભારત આ મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય જૂથના અધ્યક્ષતાની જવાબદારી નિભાવી રહ્યું છે**

નવી દિલ્હી, તા.૧૮

વિશ્વનું સૌથી શક્તિશાળી આર્થિક જૂથ જી૨૦ છે. હાલમાં ભારત આ મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય જૂથના અધ્યક્ષતાની જવાબદારી નિભાવી રહ્યું છે. ગઈકાલે ભારતની અધ્યક્ષતામાં જી૨૦ની ૧૦૦મી બેઠક યોજાઈ હતી. વિદેશ મંત્રીલયના નિવેદન મુજબ આ બેઠક સુધીમાં વિવિધ ૧૧૧ દેશોના ૧૨ હજારથી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.



ભારત ૧ ડિસેમ્બર ૨૦૨૨થી જી૨૦ની અધ્યક્ષતા કરી રહ્યું છે. જી૨૦ના અધ્યક્ષ તરીકે ભારતે ગઈકાલે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પાર કર્યું છે. જ્યારથી ભારતે આ જવાબદારી લીધી છે ત્યારથી તે આ જૂથ હેઠળ વિવિધ ક્ષેત્રો અને મુદ્દાઓ પર સતત બેઠકોનું આયોજન કરી રહ્યું છે. આ સાથે ભારતે જી૨૦ જૂથની તેની અધ્યક્ષતામાં બેઠકોની સદી પૂરી કરી લીધી છે.

ગઈકાલે વારાણસીમાં જી૨૦ના બેનર હેઠળ સભ્ય દેશોના મુખ્ય કૃષિ વૈજ્ઞાનિકોની બેઠક યોજાઈ હતી. આ સાથે જ ભારતે જી૨૦ ના પ્રમુખપદમાં ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ભારતની અધ્યક્ષતામાં આ જૂથની ૧૦૦મી બેઠક હતી. ભારતીય વિદેશ મંત્રાલયે આ સિદ્ધિ અંગે એક નિવેદન બહાર પાડ્યું છે. આ નિવેદન મુજબ

● અનુસંધાન પાન-૭ પર

# દેશના ૩ રાજ્યમાં ઓરેન્જ એલર્ટ જાહેર

**પશ્ચિમ બંગાળ, બિહાર અને આંધ્ર પ્રદેશમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું : હવામાન વિભાગ દ્વારા ગરમીને લઈને ચેતવણી : સિક્કિમ, ઝારખંડ, ઓડિશા અને ઉત્તર પ્રદેશમાં હીટવેવની સ્થિતિ ઊભી થવાની શક્યતા, દેશભરમાં સામાન્યથી વધુ ગરમીએ જોર પકડવાનું શરૂ કરી દીધુ**

નવી દિલ્હી, તા.૧૮

હવામાન વિભાગે ૩ રાજ્યો પશ્ચિમ બંગાળ, બિહાર અને આંધ્ર પ્રદેશમાં જોખમી રીતે વધતા તાપમાન માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યુ અને કહ્યુ કે ચાર અન્ય રાજ્યો સિક્કિમ, ઝારખંડ, ઓડિશા અને ઉત્તર પ્રદેશમાં હીટવેવની સ્થિતિ ઊભી થવાની શક્યતા છે. દેશભરમાં સામાન્યથી વધુ ગરમીએ જોર પકડવાનું શરૂ કરી દીધુ છે.

ભારતીય હવામાન વિભાગે પોતાની આગાહીમાં કહ્યુ કે ભારતના અમુક ભાગોને મંગળવારે જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવવાથી અમુક રાહત મળશે. જોકે પંજાબ અને હરિયાણામાં લૂ જેવુ તાપમાન રહેવાની આશા છે.

હીટવેવ માટે એક ઓરેન્જ એલર્ટ જારી કરવાનો હેતુ એ છે કે જે લોકો લાંબા સમય સુધી તડકામાં કામ કરે છે કે કોઈ ભારે કામ કરે છે તેમાં ગરમીથી બીમારીઓ વધવાની શક્યતા છે. સાથે જ સમગ્ર દેશમાં તાપમાન સતત વધી રહ્યુ છે. આ એલર્ટ મહારાષ્ટ્ર સરકારના એક કાર્યક્રમમાં ઘણા કલાક ખુલ્લામાં બેસવા દરમિયાન ૧૩ લોકોના મોત થયાના એક દિવસ બાદ આપવામાં આવ્યુ છે. ભીષણ ગરમી દરમિયાન બાળકો, વૃદ્ધો અને પહેલેથી જ બીમાર લોકોને વધુ રિસ્ક હોય છે. નિષ્ણાતોએ લોકોને પોતાને હાઈડ્રેટેડ રાખવાની ભલામણ કરી છે.સાથે જ ભલામણ કરી છે કે પૂરતુ પાણી પીવો, ઓઆરએસ કે આ પ્રકારના ઘરેલૂ ડ્રિંક પીતા રહો.

નિષ્ણાતોનું કહેવુ છે કે આ વર્ષનું મોસમ અસામાન્ય રીતે બદલાઈ રહ્યુ છે. વર્ષ ૨૦૨૨માં

● અનુસંધાન પાન-૭ પર

# યુપીમાં હવે કાયદાનું રાજ, કોઈ માફિયા ડરાવી નહીં શકે : યોગી

**હવે કોઈ વ્યાવસાયિક અપરાધી અને માફિયા કોઈપણ ઉદ્યોગસાહસિકોને ડરાવી નહીં શકે, ઉત્તર પ્રદેશ શ્રેષ્ઠ કાયદો અને વ્યવસ્થાની ખાતરી આપે છે**

લખનૌ, તા.૧૮

ઉત્તર પ્રદેશમાં અતીક અને



અશરફની હત્યા બાદ યોગી આદિત્યનાથનું પ્રથમ નિવેદન સામે આવ્યુ છે. એક કાર્યક્રમમાં તેમણે કહ્યું કે, યુપીમાં હવે કાયદાનું રાજ છે. કોઈ પણ માફિયા કોઈને ડરાવી ન શકે. આ સાથે જ તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે, યુપીમાં હવે રમખાણો નથી થતા. યોગી આદિત્યનાથનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે તાજેતરમાં જ પ્રયાગરાજમાં માફિયા અતીક અહેમદ અને તેના ભાઈ અશરફની હત્યા કરવામાં આવી હતી અને તેના પુત્ર અસદને પોલીસે એક્કાઉન્ટરમાં ઠાર કર્યો હતો.

લખનૌમાં આયોજિત એક કાર્યક્રમ કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કોરોનાના ૭૬૩૩ વધુ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૧૮

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૬૩૩ નવા કેસ સામે આવ્યા છે. નવા કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે. જો કે સક્રિય દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે.

આજ સવાર સુધીમાં દેશમાં ૬૧ હજારથી વધુ કોરોનાના કેસો સામે આવ્યા છે.કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અનુસાર સંક્રમણને કારણે ૧૧ લોકોના મોત થયા છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાથી પ્રભાવિત લોકોની કુલ સંખ્યા વધીને ૪,૪૮,૩૪,૮૫૯ થઈ ગઈ છે.

આ ઉપરાંત મૃત્યુઆંક ૫ લાખ ૩૧ હજાર ૧૫૨ પર પહોંચી ગયો છે. સૌથી વધુ ચાર મોત દિલ્હીમાં થયા છે. હરિયાણા, કર્ણાટક અને પંજાબમાં એક-એક વ્યક્તિનું કોરોનાથી મોત થયું છે. કેરળના મૃત્યુઆંકમાં ચાર મોતનો પણ ઉમેરો થયો છે.

હાલમાં દેશમાં દૈનિક સંક્રમણ દર ૦.૧૪ ટકા નોંધાયો છે. દર્દીઓનો સાજા થવાનો દર ૯૮.૬૮ ટકા છે. કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યા વધીને ૪,૪૨,૪૨,૪૭૪ થઈ ગઈ છે. આ ઉપરાંત મૃત્યુ દર ૧.૧૮ ટકા નોંધાયો છે.

# પટના રિફાઈન્ડ ઓઈલના ગોડાઉનમાં ભિષણ આગથી અફરાતફરી સર્જાઈ

**આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી : આગની જ્વાળા એટલી જોરદાર હતી કે, તેણે બીજા પણ બે ગોડાઉનને પોતાની લપેટમાં લઈ લીધા હતા**

પટના, તા.૧૮

પટનામાં રિફાઈન્ડ ઓઈલના ગોડાઉનમાં આજે સવારે ભીષણ આગ લાગી ગઈ હતી. આગના કારણે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે. આગની જ્વાળા એટલી જોરદાર હતી કે, તેણે બીજા પણ બે ગોડાઉનને પોતાની લપેટમાં લઈ લીધા હતા. આખું રિફાઈન્ડ ઓઈલ અને ટ્રાન્સપોર્ટ ગોડાઉન આગની લપેટમાં આવી ગયુ છે. લોકો પોતાના ઘરોમાંથી જોર જોરથી બૂમો પાડવા લાગ્યા હતા.આજુ બાજુના લોકોને જાણ



થતા જ તેમણે આ ચોક અંગે પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# મોહાલીમાં અમૃતપાલને છુપાવામાં મદદ કરનારા બેની અટકાયત કરી

મોહાલી, તા.૧૮

ખાલિસ્તાની આતંકવાદી અમૃતપાલ સિંહ છેલ્લા એક મહિનાથી પોલીસ અને ગુપ્ત એજન્સીઓને ચકમો આપી રહ્યો છે. તેના લગભગ તમામ સાથીઓ પર સકંજો કસવામાં આવી ચૂક્યો છે. પોલીસ સૂત્રોનું કહેવું છે કે, પોલીસ અમૃતપાલની ખૂબ જ નજીક છે. આ વચ્ચે સોમવારે રાત્રે પંજાબ અને દિલ્હી પોલીસ અધિકારીઓએ મોહાલીમાં દરોડામાં એક મહિલા સહિત બે લોકોની અટકાયત કરવામા આવી હતી. આ બંને પર અમૃતપાલને છુપાવાનો ભાગવામાં મદદ કરવાનો આરોપ છે.

પંજાબ અને દિલ્હી પોલીસે સંયુક્ત ઓપરેશનમાં સોમવારે રાત્રે મોહાલીના સેક્ટર ૮૮માં એક ઘરમાંથી બે કલાક સુધી સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. ત્યારબાદ ગુરજંત સિંહ અને નિશા રાનીની અટકાયત કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું કે બંને પર અમૃતપાલ સિંહને ભાગવામાં મદદ કરવાનો આરોપ છે. તેણે અમૃતપાલને અન્ય મદદ પણ કરી છે. જો કે, પોલીસ આ ઓપરેશન અંગે ચૂપ રહી હતી અને તેના પર કોઈ સત્તાવાર નિવેદન નથી આપ્યું.

# મસ્ક ટ્રુથ જીપીટી નામનું એઆઈ પ્લેટફોર્મ શરૂ કરશે

વોશિંગ્ટન, તા.૧૮

એલોન મસ્કે ગૂગલ, માઈક્રોસોફ્ટ અને ઓપનએઆઈને ટક્કર આપવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ 'ટ્રુથ જીપીટી' લોન્ચ કરવાની જાહેરાત કરી છે. તાજેતરમાં ચાલતી એઆઈઓફરિંગને પડકારવાના ધ્યેય સાથે તે આ યોજના તૈયાર કરી રહ્યા છે, જેમાં તેમણે દાવો કર્યો છે કે આ એઆઈદ્વારા મળતી મોટા ભાગની માહિતી સત્ય જ હશે.

એલોન મસ્કે એક ઈન્ટરવ્યુ દરમિયાન, માઈક્રોસોફ્ટ ઓપનએઆઈઅંગે એઆઈને જૂઠું બોલવાની તાલીમ આપવા અંગે ટીકા કરી હતી. તેણે ગૂગલના કો-ફાઉન્ડર લેરી પેજ પર પણ ટીકા




